યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૩ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

દિલ્હીમાં નવુ ગુજરાત ભવન બનશે

ગુજરાતના મહાનુભાવોની દિલ્હીની અવરજવર વધતા નવુ ગુજરાત ભવન બાંધવાની જરૂરીયાત ઉભી થઈ હતી. જેના પગલે ગુજરાત સરકારે દિલ્હીમાં નવુ ગુજરાત ભવન બાંધવાનો નિર્ણય લીધો છે.

રોહિંગ્યા શરણાર્થીઓને માનવ તરીકે મુલવો : માનવ અધિકાર પંચ

મ્યાનમારમાં થયેલી હિંસાનો ભોગ બનનાર રોહિંગ્યા મુસ્લિમોને હિંદુ કે મુસ્લિમ તરીકે ન મુલવતા એક વ્યક્તિ તરીકે મુલવવા નેશનલ હ્યુમન રાઈટ કમીશનના ચેરપર્સન એચ.એલ. દત્તુએ અનુરોધ કર્યો છે.

રાજનીતિમાં જોડાવવા કમલ હસનને અપીલ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાજનીતિમાં સામેલ થવા તમિળ સુપરસ્ટાર કમલ હસનને આજે અપીલ કરી હતી. ભ્રષ્ટાચાર સામે દેશની લડાઈને મજબૂત કરવા રાજનીતિમાં જોડાવવા કમલ હસનને અપીલ કરવામાં આવી હતી.

બિમાર દાઉદ ભારત આવવા ઇચ્છુક

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ ભારત પરત ફરવા ઈચ્છુક છે. હાલમાં બિમાર ચાલી રહેલા દાઉદે ભારત આવવા સરકાર સાથે વાતચીત કરી છે. હાલમાં તે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળી સરકાર સાથે સમજૂતિ કરવાની તૈયારીમાં છે.

ત્રાલ વિસ્તારમાં સુરક્ષા દળો પર ગ્રેનેડ હુમલો

પ્રધાન નઇમ અખ્તરનો હુમલામાં બચાવ : ૩ નાગરિકોના મોત, ૩૦ ઘાયલ : અન્ય એક હુમલામાં બે જવાન શહીદ



જમ્મુ,તા. ૨૧

જમ્મુ કાશ્મીરના ત્રાલમાં પોલીસ ટુકડીને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલામાં આજે ઓછામાં ઓછા ત્રણ નાગરિકોના મોત થયા હતા અને પોલીસ જવાનો અને સુરક્ષા દળો સહિત અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકોમાં ચાર નાગરિક, ૧૦ પોલીસ જવાનો અને સાત સીઆરપીએફજવાનોનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્ત તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ગ્રેનેડ હુમલો અને ગોળીબાર સવારે ૧૧.૪૫ વાગ્યાની આસપાસ કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો અને પોલીસે વ્યાપક શોધખોળ કામગીરી હાથ ધરી હતી. જમ્મુ કાશ્મીર સરકારમાં પ્રધાન રહેલા નઈમ અખ્તરના કાફલાને પણ ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો પરંતુ તેઓ સહેજમાં બચી ગયા હતા. પ્રોજેક્ટનુ ઉદઘાટન કરવામાં આવ્યા બાદ નઈમ અખ્તરના કાફલાને ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓએ પુલવામા જિલ્લાના ત્રાલમાં બસ સ્ટેન્ડ નજીક પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો. તેમના પર ગ્રેનેડો ઝીંકવામાં આવ્યા હતા. ત્યારબાદ ત્રાસવાદીઓએ ૧૮૦ બટાલિયનના સીઆરપીએફ જવાનો પર અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

મહિલા અનામત બિલને પસાર કરવા સોનિયા ગાંધીની અપીલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સોનિયા ગાંધીની અપીલ : લોકસભામાં બહુમતિ હોવાના લીધે ૨૧ વર્ષ જુના બિલને પસાર કરવા માટે સોનિયા ગાંધીએ અપીલ કરી

નવી દિલ્હી,તા. ૨૧

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને લોકસભામાંથી મહિલા અનામત બિલને પસાર કરવા માટે અપીલ કરી છે. મહિલા અનામત બિલ લોકસભામાં પસાર થાય તેની ખાતરી કરવા માટે સોનિયા ગાંધીએ કહ્યું છે. પત્રમાં સોનિયા ગાંધીએ કહ્યું છે કે, લોકસભામાં ભાજપની પાસે બહુમતિ રહેલી છે. આવી સ્થિતિમાં ૨૧ વર્ષ જુના બિલને પસાર કરવામાં આવી શકે છે. ૨૦મી સપ્ટેમ્બરના દિવસે લખવામાં આવેલા પત્રમાં સોનિયા ગાંધીએ કહ્યું છે કે, રાજ્યસભાએ મહિલા અનામત બિલને ૯મી માર્ચ ૨૦૧૦ના દિવસે પસાર કરી દીધું હતું. ત્યારબાદથી એક અથવા બીજા કારણોસર આ બિલ લોકસભામાં અટવાયેલું છે. લોકસભામાં બહુમતિનો ફાયદો લઈને આ બિલને પસાર

● અનુસંધાન પાન-૭ પર

રોહિંગ્યા મુસ્લિમ શરણાર્થી નથી : રાજનાથ

રોહિંગ્યાઓને પરત મોકલીને ભારત કોઇપણ આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરશે નહીં

નવી દિલ્હી, તા. ૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, મ્યાનમારથી ભારતમાં ઘુસી ગયેલા રોહિંગ્યા મુસ્લિમો શરણાર્થી નથી. આ વાસ્તવિકતાને સમજી લેવાની જરૂર છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, શરણાર્થીનો દરજ્જો મેળવવાની એક પ્રક્રિયા હોય છે અને આમાથી કોઇએ પણ કોઇ પ્રક્રિયાને પૂર્ણ કરી નથી. અત્રે નોંધનીય છે કે, બૌદ્ધ બહુમતિ ધરાવતા દેશ મ્યાનમારમાં રોહિંગ્યાઓની સામે હિંસા વધી ગયા બાદ મોટી સંખ્યામાં રોહિંગ્યા મુસ્લિમ સમુદાયના લોકો હિઝરત કરી રહ્યા છે. આમાથી ભારત અને

● અનુસંધાન પાન-૭ પર

નારાયણ રાણેએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો

ભાજપમાં સામેલ થાય તેવી પ્રબળ સંભાવના : રાજકીય ભાવિને લઇને અટકળોનો દોર

નવી દિલ્હી,તા. ૨૧

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી તથા વરિષ્ઠ કોંગ્રેસી નેતા નારાયણ રાણે

આજે પાર્ટીમાંથી છેડો ફાડી લીધો હતો. કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દેનાર નારાયણ રાણે આક્રમક દેખાઈ રહ્યા છે. નારાયણ રાણેએ કહ્યું છે કે, તેઓ કોંગ્રેસ પાર્ટી અને શિવસેનાને બોધપાઠ ભણાવવા માંગે છે. છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસની સામે બળવાનો સુર છેડનાર રાણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓની સામે લડાઈની જાહેરાત કરી ચુક્યા છે. તેઓ કઈ પાર્ટીમાં જોડાશે તેને લઈને હજુ સુધી કોઇ વાત કરવામાં આવી નથી પરંતુ તેમના રાજકીય ભાવિને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. મિડિયા રિપોર્ટ મુજબ ભાજપ તરફથી હાલમાં તેમને પાર્ટીમાં લેવા માટે કોઇ ખાતરી મળી નથી. જો કે, એમ કહેવામાં આવે છે કે, તેઓ એકલા થઈને પણ ભાવિ રાજનીતિને આગળ વધારવાની વાત કરી ચુક્યા છે. નારાયણ રાણે પહેલા શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેના સહકારથી મુખ્યમંત્રી બન્યા હતા. અલબત્ત ઉદ્ધવ ઠાકરે સાથે ખેંચતાણના પરિણામ સ્વરુપે તકલીફ આવી રહી હતી. ભાજપ-શિવસેના ગઠબંધન ચૂંટણી હારી ગયા બાદ રાણેને મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની ફરજ પડી હતી. વર્ષ ૨૦૦૫માં બાલ ઠાકરેએ રાણેને પાર્ટીથી બહારનો રસ્તો બતાવી દીધો હતો. ત્યારબાદ રાણે કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ ગયા હતા. નારાયણ રાણેએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધા બાદ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી ચર્ચાઓ અને અટકળોનો અંત આવી ગયો છે.

જોઈએ છે

હોસ્પિટલ માટે લેડી રીસેપ્શનીસ્ટ જોઈએ છે

સંપર્ક : ૯૪૨૬૭ ૬૭૬૩૯

દિવાળી-૨૦૧૭ વેકેશન ટુર

ફેમીલી ટુર-હનીમુન ટુર

હિમાચલ, કેરાલા, ભૂટાન, અંદામાન, ઉત્તરાખંડ

એમેઝિંગ ડેસ્ટિનેશન હોલિડેઝ

કુડાસણ, ગાંધીનગર

મો. : ૯૬૨૪૦ ૭૩૩૩૩

મો. : ૯૫૭૪૨ ૫૪૪૪૪

www.yellowdiamond.in

AMONG THE FASTEST GROWING COMPANIES IN THE INDIAN ORGANISED SNACKS MARKET.*

Innovation-driven diversified product portfolio of snacks with value proposition for consumers

Achieved market leadership in 2015 in RINGS segment*

Strategic supply chain for a Pan-India distribution network

Strategically located manufacturing facilities across India

Successful track record and professional management

Yellow Diamond®

PRATAAP SNACKS LIMITED

Dildaar hain hu

*Source: Strategic Analysis of the Savouries and Snacks Markets in India dated June 15, 2017. Report by Frost & Sullivan (India) Private Limited (the "FS Report"). Fastest growing between 2010 and 2016.

Prataap Snacks Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Red Herring Prospectus dated September 12, 2017 ("RHP") with the Registrar of Companies, Madhya Pradesh at Gwalior ("RoC"). The RHP will be available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com, www.nseindia.com, respectively and is available on the websites of the GCBRLMs at www.edelweissfin.com and www.jmfl.com, respectively and is available on the website of the BRLM at www.sparkcapital.in. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, refer to the Section titled "**Risk Factors**" on page 18 of the RHP. Potential investors should not rely on the DRHP filed with the SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and applicable laws of the jurisdictions where such offers and sales occur. There will be no public offering in the United States.

Adfactors 510